| Innovation ID | DTP0010000002690 | Sr No : 1 |
|---|---|---|

| | |
|---|---|
| Innovation Title | લાકડાની ગુણવત્તા સુધારવી |
| Category | અન્ય |
| Notebook Number | lok (૨) ૧ Jan-Feb-૧૯૯૭, Pg No. ૭ |
| Brief | લાકડાની ગુણવત્તા સુધારવા તથા લાકડામાં પડતી તિરાડ અટકાવવા માટે લાકડુ દાઝે નહિ તે રીતે બાફવા કે શેકવા માટે સૂકા પાન અને હલકા કચરાનો ઉપયોગ |
| Detail | ઈમારતી લાકડાને લાંબો સમય સુધી સંગ્રહવા તથા લાકડામાંથી બનાવેલ ફર્નિચરને ટકાઉ બનાવવું જરૂરી હોય છે. ઘણીવાર ઈમારતી લાકડામાં તિરાડ પડવાથી કિંમતી લાકડાની ગુણવત્તા ઘટતી હોય છે.<br>ધોરાજી તાલુકાના પાટણવાવ ગામના ખેડૂત લક્ષ્મણભાઈ પેથાણી આ સમસ્યાનો હલ રસપ્રદ રીતે કરે છે. ખેડૂતના જણાવ્યા મુજબ લીલા ઝાડને કાપ્યા પછી આ લાકડાની ઉપર સૂકા પાન તથા હલકો કચરો સળગાવી લાકડું દાઝે નહી, તેવી રીતે બાફવામાં આવે છે. ત્યારબાદ આ લાકડા ઉપરથી છાલ ઉખેડી નાખી છાણના તાજા ઉકરડામાં ૨૦ થી ૨૫ દિવસ સુધી દાટવામાં આવે છે. તે પછી ઉકરડામાંથી કાઢીને ઝાડના છાંયડે રાખવામાં આવે છે. આ રીતે માવજત આપ્યા પછી આ લાકડાનો ફર્નિચરમાં સારી રીતે ઉપયોગ કરી શકાય છે.<br>ખેડૂતના અનુભવ મુજબ- આમ કરવાથી લાકડામાં વર્ષો પછી પણ તિરાડ પડતી નથી. વળી, તેના ઉપર ભેજ તથા વાતાવરણની અસર પણ થતી નથી. ખેડૂતના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં લોકો વર્ષોથી આ પદ્ધતિ પરંપરાગત રીતે અપનાવે છે.<br>(ડૉ. ડી એમ કોરાટના જણાવ્યા મુજબ લીલા લાકડા ઉપર સૂકા પાન કે કચરો સળગાવવાથી કે ઉકરડામાં દાટી રાખવાથી ગરમીને લીધે તેમાંથી વધારાનો ભેજ દૂર થાય છે અને લાકડું સૂકું બની જાય છે. જેથી તેની વાતાવરણને લીધે સંકોચાવાની પ્રક્રિયા ઓછી થાય છે. અથવા બિલકુલ થતી નથી. મોટા પાયા ઉપર ફર્નિચર બનાવવા માટે જ્યારે ઈમારતી લાકડાનો ઉપયોગ થતો હોય ત્યારે તેને સૌ પ્રથમ ( Steam or Hot air treatment) વરાળની માવજત આપવાનો હેતુ પણ લાકડામાંથી વધારાનો ભેજ દૂર કરવાનો હોય છે.<br>ડૉ. પી પી ઉધરેજાના જણાવ્યા મુજબ- આ ટ્રીટમેન્ટથી લાકડામાં રહેલ જીવાતો નાશ પામે છે અને ખેડૂતની માન્યતામાં તથ્ય રહેલ છે.<br><br>(નોંધ - આ પદ્ધતિનું પી.આઈ.સી. નરેન્દ્રભાઈ રાઠવાએ તા. ૯-૭-૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)<br><br>આ ગામની નજીક મોટો ડુંગર આવેલો છે. તેથી ૧૦ વર્ષ પહેલાં આ જંગલમાં વધારે વૃક્ષ હતા તે વખતે આવા પ્રયોગો કરતા હતા હાલમાં આ જંગલમાં ઝાડવા બિલકુલ નથી. તેથી હાલના તબક્કે આવો પ્રયોગ કરતા નથી. અને લાકડા ન મળવાથી હાલમાં પાંચથી સાત વર્ષથી આવા પ્રયોગ કરેલ નથી.<br>તેથી અન્ય ઉપયોગ કરતા ખેડૂતો પણ હાલમાં નથી. |
| Method of Use | |
| Caution | |
| Benefit | |
| Condition | |
| Material Used | સૂકાપાન, હલકો કચરો |
| IPR Status | |
| Keywords | તિરાડ, લાકડું, સૂકાપાન, છાલ, ઉકરડો, દાટવું, રાજકોટ |

| Member ID | DTP००१००००००२६४४ | Member Type | Scout |
|---|---|---|---|

First Name કે | Middle Name જે | Last Name સાદરિયા

Profession | Designation

Address 1 ગ્રામ સેવક, પેટા વિભાગ કચેરી, જેતપુર,

Village | Taluka જેતપુર

District Rajkot | State Gujarat | Country India

Biography

| Member ID | DTP००१००००००२६४६ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name લક્ષ્મણભાઈ | Middle Name મેઘજીભાઈ | Last Name પેથાણી

Profession ખેતી | Designation ખેડૂત

Address 1

Village મુ. પાટણવાવ | Taluka ધોરાજી

District Rajkot | State Gujarat | Country India

Biography
લક્ષ્મણભાઈની ઉમર ૬૯ વર્ષ છે. તેઓ ૬ પાસ સુધી ભણેલ છે. તેમની પત્ની ઝમકુબેનની ઉમર ૬૦ વર્ષ છે. તેઓ અભણ છે. તેમને બે છોકરા અને પાંચ છોકરીઓ છે. છોકરીઓના લગ્ન થઇ ગયેલ છે. છોકરાઓના લગ્ન થઇ ગયેલ છે. મોટા છોકરાનું નામ – મગનભાઈ લક્ષ્મણભાઈ પેથાળી છે. તેઓ ખેતી કામ કરે છે અને નવરાસના સમયે હીરાના કારખાનામાં જઈને હીરા ઘસીને પોતાનું અને પત્નીનું છોકરાનું ગુજરાન ચલાવે છે.
નાના છોકરાનું નામ ગીરીશભાઈ પેથાણી છે. આ છોકરો મા બાપ પાસે રહે છે. તે પણ ખેતી કરે છે. અને નવરાસના સમયે અન્ય જગ્યાએ નોકરી ધંધા કરીને જીવન ચલાવે છે. પિતા હાલમાં ઘર સાચવે છે. તથા વોચમેનનો શોખ ધરાવે છે. મકાન ધાબાવાળું છે. મકાન આગળ લોખંડનો ગેટ બનાવવામાં આવેલ છે. આવક ખેતીમાંથી અને નાના મોટા ધંધા રોજગાર કરીને આવક મેળવે છે. આ ખેડૂતને જમીન ૩૦ વિઘા છે. પાકમાં તેઓ કપાસ, મગફળી,એરંડા, જીરુ વગેરે થાય છે.
પિયત બીલકુલ નથી. બોરકુવો બનાવેલ છે. પરંતુ પાણી પકડાતું નથી તેથી પિયતમાં જોઈએ તેટલું પાણી મળતું નથી.

ગામનો પરિચય –
આ ગામની વસ્તી ૫ હજારની છે. ગામમાં ૨ બેન્કો છે. ભારતીય સ્ટેટ બેન્ક અને રાજકોટ કો.ઓ. બેન્ક લી. ગામમાં છે. પોસ્ટ ઓફિસ છે. ગામમાં પી.એચ.એલ. સેન્ટર છે. પશુ દવાખાનું છે. ગામમાં પંચાયત ઘર છે. ગામમાં પોલિસ આઉટ પોસ્ટ પણ છે. ગામમાં મંદિર છે. ગામમાં સરપંચ રામાભાઈ ભીમાભાઈ ખાટાણ(રબારી) છે. ગામમાં બીજી જગ્યાએથી પાણીની પાઈપ દ્વારા પાણી પીવાનું પુરુ પાડવામાં આવે છે. ગામમાં બોરવેલ કરેલ છે. ગામમાં પાણીનો ટાંકો બનાવેલ છે. તેમાંથી ઘરે ઘરે નળ દ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે. ગામની નજીક મોટો ડુંગર છે. ડુંગરની તળેટીમાં ગામ આવેલું છે. નીલગીરી, બાવળ, લીમડા વગેરે વૃક્ષો જોવા મળે છે. જમીન કાળી ગોરાડું છે. ગામમાં શિક્ષણની સુવિધા ૧થી ૭ પ્રાથમિક શાળા છે. ૮થી ૧૨ માધ્યમિક શાળા આવેલ છે. ગામમાં હરીજન છે. ગામમાં ટ્રેકટરો ૨૨ છે. રીક્ષા ૩૦ છે. ગામમાં નાની મોટી નોકરીવાળા લોકો પણ છે. અને ખેતીમાંથી પણ આવેક મેળવે છે. આ ગામમાંથી રાજકોટમાં ઘણા લોકો મશીનરી સ્ટોરો ચલાવે છે. ગામમાં મુખ્ય પાક કપાસ, મગફળી, થાય છે. ગામ આખુ એક જગ્યાએ છે. ગામ નાની નાની ગલીમાં વહેંચાયેલું છે. ગલીઓ સિમેન્ટ વાળી છે. ગામમાં પશુને પીવાના હવાડા પણ બનાવવામાં આવેલા છે. ગામ એકંદરે ગોકળ ગામ જેવું છે. ગામથી તાલુકાનું અંતર ૨૫ કિમી છે અને જિલ્લાનું અંતર ૧૫૦ કીમી છે.
બસ દ્વારા વાહન વ્યવહાર ચાલુ છે.

| Member ID | DTP००१००००००६२२२ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name નરેન્દ્રભાઈ | Middle Name અર્જેસિંહ | Last Name (રાઠવા) ચૌહાણ

Profession | Designation

Address 1

Village મું. લીમડીયા, પો. કંજેટા | Taluka ધાનપુર

District Dahod | State Gujarat | Country India

Biography

| Innovation ID | GUJ0020000000077 | Sr No : 2 |
|---|---|---|

**Innovation Title** લાકડામાં પડતી તિરાડ અટકાવવા

**Category** અન્ય

**Notebook Number** lok (૨) ૧ Jan-Feb-૧૯૯૭, Pg No. ૭

**Brief**

**Detail**

ઈમારતી લાકડાને લાંબો સમય સુધી સંગ્રહવા તથા લાકડામાંથી બનાવેલ ફર્નિચરને ટકાઉ બનાવવું જરૂરી હોય છે. ઘણીવાર ઈમારતી લાકડામાં તિરાડ પડવાથી કિંમતી લાકડાની ગુણવત્તા ઘટતી હોય છે.

ધોરાજી તાલુકાના પાટણવાવ ગામના ખેડૂત શ્રી લક્ષ્મણભાઈ પેથાણી આ સમસ્યાનો હલ રસપ્રદ રીતે કરે છે. ખેડૂતના જણાવ્યા મુજબ લીલા ઝાડને કાપ્યા પછી આ લાકડાની ઉપર સૂકા પાન તથા હલકો કચરો સળગાવી લાકડું દાઝે નહીં, તેવી રીતે બાફવામાં આવે છે. ત્યારબાદ આ લાકડા ઉપરથી છાલ ઉખેડી નાખી છાણના તાજા ઉકરડામાં ૨૦ થી ૨૫ દિવસ સુધી દાટવામાં આવે છે. તે પછી ઉકરડામાંથી કાઢીને ઝાડના છાંયડે રાખવામાં આવે છે. આ રીતે માવજત આપ્યા પછી આ લાકડાનો ફર્નિચરમાં સારી રીતે ઉપયોગ કરી શકાય છે.

ખેડૂતના અનુભવ મુજબ- આમ કરવાથી લાકડામાં વર્ષો પછી પણ તિરાડ પડતી નથી. વળી, તેના ઉપર ભેજ તથા વાતાવરણની અસર પણ થતી નથી. ખેડૂતના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં લોકો વર્ષોથી આ પદ્ધતિ પરંપરાગત રીતે અપનાવે છે.

(ડૉ. ડી એમ કોરાટના જણાવ્યા મુજબ લીલા લાકડા ઉપર સૂકા પાન કે કચરો સળગાવવાથી કે ઉકરડામાં દાટી રાખવાથી ગરમીને લીધે તેમાંથી વધારાનો ભેજ દૂર થાય છે અને લાકડું સૂકું બની જાય છે. જેથી તેની વાતાવરણને લીધે સંકોચાવાની પ્રક્રિયા ઓછી થાય છે. અથવા બિલકુલ થતી નથી. મોટા પાયા ઉપર ફર્નિચર બનાવવા માટે જ્યારે ઈમારતી લાકડાનો ઉપયોગ થતો હોય ત્યારે તેને સૌ પ્રથમ ( Steam or Hot air treatment) વરાળની માવજત આપવાનો હેતુ પણ લાકડામાંથી વધારાનો ભેજ દૂર કરવાનો હોય છે.

ડૉ. પી પી ઉધરેજાના જણાવ્યા મુજબ- આ ટ્રીટમેન્ટથી લાકડામાં રહેલ જીવાતો નાશ પામે છે અને ખેડૂતની માન્યતામાં તથ્ય રહેલ છે.

(નોંધ:- આ પદ્ધતિનું પીઆઈસી તા. ૯-૭-૨૦૦૬માં નરેન્દ્રભાઈ. એ. રાઠવાએ કરેલ છે.) (આ પદ્ધતી સાચી છે.)
( ૧૦ વર્ષ પહેલાં ગામના જંગલમાં લાકડા મળતા હતા અને હાલમાં આ જંગલમાં લાકડા મળતા નથી તેથી આવો પ્રયોગ કરતા નથી. પરંતુ આ પદ્ધતિ સાચી છે. )

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used**

**IPR Status**

**Keywords** ઈમારતી લાકડું, છાણ, કચરો, ઉકરડો

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૪૪ | Member Type | Scout | | |
| First Name | કે | Middle Name | જે | Last Name | સાદરિયા |
| Profession | | Designation | | | |
| Address 1 | ગ્રામ સેવક, પેટા વિભાગ કચેરી, જેતપુર, | | | | |
| Village | | Taluka | જેતપુર | | |
| District | Rajkot | State | Gujarat | Country | India |
| Biography | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૨૬૪૬ | Member Type | Innovator | | |
| First Name | લક્ષ્મણભાઈ | Middle Name | મેઘજીભાઈ | Last Name | પેથાણી |
| Profession | ખેતી | Designation | ખેડૂત | | |
| Address 1 | | | | | |
| Village | મુ. પાટણવાવ | Taluka | ધોરાજી | | |
| District | Rajkot | State | Gujarat | Country | India |

Biography

લક્ષ્મણભાઈની ઉમર ૬૯ વર્ષ છે. તેઓ ૬ પાસ સુધી ભણેલ છે. તેમની પત્ની ઝમકુબેનની ઉમર ૬૦ વર્ષ છે. તેઓ અભણ છે. તેમને બે છોકરા અને પાંચ છોકરીઓ છે. છોકરીઓના લગ્ન થઇ ગયેલ છે. છોકરાઓના લગ્ન થઇ ગયેલ છે. મોટા છોકરાનું નામ – મગનભાઈ લક્ષ્મણભાઈ પેથાળી છે. તેઓ ખેતી કામ કરે છે અને નવરાસના સમયે હીરાના કારખાનામાં જઈને હીરા ઘસીને પોતાનું અને પત્નીનું છોકરાનું ગુજરાન ચલાવે છે.

નાના છોકરાનું નામ ગીરીશભાઈ પેથાણી છે. આ છોકરો મા બાપ પાસે રહે છે. તે પણ ખેતી કરે છે. અને નવરાસના સમયે અન્ય જગ્યાએ નોકરી ધંધા કરીને જીવન ચલાવે છે. પિતા હાલમાં ઘર સાચવે છે. તથા વોચમેનનો શોખ ધરાવે છે. મકાન ધાબાવાળું છે. મકાન આગળ લોખંડનો ગેટ બનાવવામાં આવેલ છે. આવક ખેતીમાંથી અને નાના મોટા ધંધા રોજગાર કરીને આવક મેળવે છે. આ ખેડૂતને જમીન ૩૦ વિઘા છે. પાકમાં તેઓ કપાસ, મગફળી,એરંડા, જીરુ વગેરે થાય છે.

પિયત બીલકુલ નથી. બોરકુવો બનાવેલ છે. પરંતુ પાણી પકડાતું નથી તેથી પિયતમાં જોઈએ તેટલું પાણી મળતું નથી.

ગામનો પરિચય –

આ ગામની વસ્તી ૫ હજારની છે. ગામમાં ૨ બેન્કો છે. ભારતીય સ્ટેટ બેન્ક અને રાજકોટ કો.ઓ. બેન્ક લી. ગામમાં છે. પોસ્ટ ઓફિસ છે. ગામમાં પી.એચ.એલ. સેન્ટર છે. પશુ દવાખાનું છે. ગામમાં પંચાયત ઘર છે. ગામમાં પોલિસ આઉટ પોસ્ટ પણ છે. ગામમાં મંદિર છે. ગામમાં સરપંચ રામાભાઈ ભીમાભાઈ ખાટાણ(રબારી) છે. ગામમાં બીજી જગ્યાએથી પાણીની પાઈપ દ્વારા પાણી પીવાનું પુરુ પાડવામાં આવે છે. ગામમાં બોરવેલ કરેલ છે. ગામમાં પાણીનો ટાંકો બનાવેલ છે. તેમાંથી ઘરે ઘરે નળ દ્વારા પાણી પુરુ પાડવામાં આવે છે. ગામની નજીક મોટો ડુંગર છે. ડુંગરની તળેટીમાં ગામ આવેલું છે. નીલગીરી, બાવળ, લીમડા વગેરે વૃક્ષો જોવા મળે છે. જમીન કાળી ગોરાડું છે. ગામમાં શિક્ષણની સુવિધા ૧થી ૭ પ્રાથમિક શાળા છે. ૮થી ૧૨ માધ્યમિક શાળા આવેલ છે. ગામમાં હરીજન છે. ગામમાં ટ્રેકટરો ૨૨ છે. રીક્ષા ૩૦ છે. ગામમાં નાની મોટી નોકરીવાળા લોકો પણ છે. અને ખેતીમાંથી પણ આવેક મેળવે છે. આ ગામમાંથી રાજકોટમાં ઘણા લોકો મશીનરી સ્ટોરો ચલાવે છે. ગામમાં મુખ્ય પાક કપાસ, મગફળી, થાય છે. ગામ આખુ એક જગ્યાએ છે. ગામ નાની નાની ગલીમાં વહેંચાયેલું છે. ગલીઓ સિમેન્ટ વાળી છે. ગામમાં પશુને પીવાના હવાડા પણ બનાવવામાં આવેલા છે. ગામ એકંદરે ગોકળ ગામ જેવું છે. ગામથી તાલુકાનું અંતર ૨૫ કિમી છે અને જિલ્લાનું અંતર ૧૫૦ કીમી છે.

બસ દ્વારા વાહન વ્યવહાર ચાલુ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૨૨ | Member Type | Verifier | | |
| First Name | નરેન્દ્રભાઈ | Middle Name | અજેસિંહ | Last Name | (રાઠવા) ચૌહાણ |
| Profession | | Designation | | | |
| Address 1 | | | | | |
| Village | મું. લીમડીયા, પો. કંજેટા | Taluka | ધાનપુર | | |
| District | Dahod | State | Gujarat | Country | India |
| Biography | | | | | |